મહત્તમ : ૩૫.૫ ડીગ્રી
લઘુતમ : ૨૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૮ ટકા ● સાંજે ૫૭ ટકા
ગાંધીનગર તાપમાન

શહેરમાં વૃક્ષારોપણ પુરજોશમાં પરંતુ વાવેલા વૃક્ષોની સલામતી અંગે ચિંતા...!!

શહેરમાં ટ્રી ગાર્ડની માંગ સામે ટ્રી ગાર્ડની અછતની સ્થિતિ : રખડતી ગાયો, નીલગાય, વાંદરા વગેરેથી છોડને બચાવવા જરુરી : સરકારી તંત્ર વિકાસના નામે વૃક્ષો કાપવામાં મગ્ન સામે નાગરિકોએ વૃક્ષારોપણની પ્રવૃત્તિ વધારી દીધી

ગાંધીનગર, તા.૨૨

શહેરમાં વૃક્ષારોપણની પ્રવૃત્તિ વેગવંતી બની છે અને સ્વૈચ્છિક સંસ્થાઓ, સ્થાનિક કોર્પોરેટર્સ તથા વિવિધ ખાનગી એકમો ઉપરાંત અનેક પર્યાવરણ પ્રેમીઓ દ્વારા અત્યારે વરસાદી મૌસમને પગલે વૃક્ષોના વાવેતર કરવા બાબતે ગંભીરતાપૂર્વક પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. શહેરમાં અનેક રહેણાંક સોસાયટીના રહીશો પણ વૃક્ષારોપણ કાર્યક્રમના આયોજન કરતા જોવા મળીરહ્યા છે. જો કે હાલ વૃક્ષારોપણ કરતી દરેક સંસ્થાઓ કે પર્યાવરણ પ્રેમી નાગરિકોને સૌથી વધુ એક જ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે તે છે વાવેલા છોડની સલામતી અને સુરક્ષાનો. આ કારણોસર શહરમાં ટ્રી ગાર્ડની માંગમાં વધારો થવા પામ્યો છે પરંતુ શહેરમાં ટ્રી ગાર્ડની અછત જોવા મળી રહી છે. ખાનગી રાહે ટ્રી ગાર્ડ ખરીદવાના મોંઘા પડતા હોવાથી પ્રકૃતિ પ્રેમીઓ દાતાઓ પર નિર્ભર રહે છે પરંતુ ટ્રી ગાર્ડ લગાડયા પછી તેની સલામતી અંગે પણ સતત નજર રાખવી પડે છે.

ગાંધીનગર પ્રકૃતિ પ્રેમી નાગરિકોની મોટી સંખ્યા ધરાવતું શહેર છે અને શહેરમાં જુલાઈ-ઓગસ્ટની સીઝનમાં પ્રથમ વરસાદ બાદ વૃક્ષારોપણની પ્રવૃત્તિમાં ખુબ ઉછાળો આવે છે. શહેરમાં આમ પણ વિકાસના નામે છેલ્લા બે એક વર્ષમાં મોટી સંખ્યામાં વૃક્ષોની કટૌતી થવા પામી છે જેને કારણે પ્રકૃતિ પ્રેમી નાગરિકોના હૃદયમાં હજુ પણ વ્યથા જોવા મળી રહી છે. કદાચ આ જ કારણે હવે નાગરિકોએ સરકારી તંત્ર વૃક્ષો વાવીને ઉછેરશે તે ભરોસે રહેવાને બદલે જાતે જ વૃક્ષો વાવીને ઉછેરવાનો સંકલ્પ કર્યો હોય તેવું આ વર્ષે જે રીતે વૃક્ષારોપણ થઈ રહ્યું છે તેના આધારે જણાય છે. શહેરમાં પર્યાવરણના જતન અંગે કાર્યરત સંસ્થાઓ દ્વારા પણ સતત વૃક્ષારોપણ કરવામાં આવી રહ્યું છે અને સાથે સાથે મહાનગરપાલિકાના કોર્પોરેટર્સ પણ હાલ પોતાનીગ્રાન્ટનો ઉપયોગ વૃક્ષારોપણ માટે કરી રહ્યા છે.

આમ છતાં શહેરમાં જેટલા છોડ વાવવામાં આવે છે તેમાંથી મોટા વૃક્ષ થવાની સંખ્યા ખૂબ ઓછી રહે છે જેના કારણોમાં શહેરમાં રખડતી ગાયો, નીલગાય તથા અન્ય પશુઓ પણ છે. વળી શહેરમાં વાંદરાઓની સંખ્યા પણ નોંધપાત્ર હોવાથી મોટા થયેલાં છોડને નુકસાન પહોંચાડવામાં તેમનો ફાળો રહેલો છે. આ કારણે વાવેલા છોડની સલામતી માટે ટ્રી ગાર્ડ ખુબ જરૂરી બન્યા છે પરંતુ વૃક્ષોના વાવેતરની સંખ્યાની સાપેક્ષે ટ્રી ગાર્ડની પ્રાપ્યતા પર્યાપ્ત માત્રામાં જોવા મળતી નથી તેથી ટ્રી ગાર્ડની માંગ પણ વધી છે અને તેના વિકલ્પરૂપે તાર ફેન્સિંગ કે ચોતરફ કોટ કરેલો હોય તેવી સંસ્થાઓ જેવી કે પ્રાથમિક શાળા, અર્બન હેલ્થ સેન્ટર વગેરે સંકુલમાં વૃક્ષારોપણ કરવાનો ટ્રેન્ડ વધતો જઈ રહ્યો છે.

કોર્પોરેટર્સ માંગે તેના કરતા ચોથા ભાગના ટ્રી ગાર્ડ જ ફાળવાય છે

શહેરમાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પણ વૃક્ષારોપણ પ્રવૃત્તિને ઉત્તેજન આપવામાં આવી રહ્યું છે. જો કે નામ નહી આપવાની શરતે એક કોર્પોરેટરે જણાવ્યું હતું કે મનપામાં મેયર, ડેપ્યુટી મેયર તથા સ્ટેન્ડિંગ કમિટીની ગ્રાન્ટ સૌથી વધુ હોય છે જયારે બાકીના ૨૯ નગરસેવકો જેમની ગ્રાન્ટ ઓછી હોય છે. મનપા દ્વારા પુરા પાડવામાં આવતા ટ્રી ગાર્ડનો કોન્ટ્રાકટ મોડો અપાયો હોવાથી સમયસર માંગ મુજબ ટ્રી ગાર્ડ પુરા પાડી શકતા નથી તેથી ગ્રાન્ટના કવોટા મુજબ કોર્પોરેટર્સને જેટલા ટ્રી ગાર્ડની માંગણી મુકી હોય તેનાથી ચોથા ભાગના જ મળે છે અને બાકીના માટે રાહ જોવાની રહે છે તેથી આ સમસ્યા સર્જાઈ છે.

મનપા અને ગુડાએ ટ્રી ગાર્ડની જવાબદારી ઉપાડવી જોઈએ

શહેરમાં અસંખ્ય સ્વૈચ્છિક સંસ્થાઓ, પ્રકૃતિપ્રેમી નાગરિકો તથા રહેણાંક સોસાયટીના રહીશો હાલ વૃક્ષારોપણના આયોજનો કરી રહ્યા છે પરંતુ દરેકને તેમના વાવેલા છોડની સલામતીની ચિંતા સતાવી રહી છે. સરકારી તંત્ર વિકાસ કાર્યોના નામે જયારે વૃક્ષો કાપવામાં જ જોતરાયેલું છે ત્યારે મનપા અને ગુડાઓ આ સંસ્થાઓ અને પ્રકૃતિ પ્રેમીઓએ વાવેલા વૃક્ષોની સલામતી માટે ટ્રી ગાર્ડ પુરાં પાડવાની જવાબદારી ઉપાડી લેવી જોઈએ અને તે સરળતાથી મળી રહી તેવી યોજના અમલમાં મુકવી જોઈએ તેવો એક મત નાગરિકોમાં પ્રવર્તી રહ્યો છે.

મનપાના નાયબ કાર્યપાલકને ધમકી મુદ્દે પૂર્વ સ્ટે. કમિટી ચેરમેન મનુભાઈ પટેલ સામે પોલીસ મથકે અરજી

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર મહાનગર પાલિકાની ડેપ્યુટી મ્યુનિસીપલ કમિશનરની ઓફિસમાંજ વર્ગ-૨ કર્મચારી સાથે શાસક પક્ષના પૂર્વ સ્ટે.કમિટી ચેરમેન દ્વારા બોલવામાં આવેલા અપશબ્દો અને ધમકી મુદ્દે પોલીસ મથકે અરજી કરવામાં આવી છે. મહાનગર પાલિકામાં નિવૃતિ પછી આઉટસોર્સિંગ એજન્સીના કર્મચારી તરીકે કામગીરી કરતા નાયબ કાર્યપાલક ઈજનેર ધર્મેશ છાયા એ મ્યુનિસિપલ કમિશનર અને મંત્રી કૌશિક પટેલને અરજી કર્યા બાદ હવે પોલીસમાં જાણ કરી છે. જેમાં મનપામાં પૂર્વ સ્ટે.કમિટિના ચેરમેન તરીકે રહી ચુકેલા મનુભાઈ પટેલ દ્વારા મારી પાસે રીવોલ્વર છે કહી આપવામાં આવેલી મોતની ધમકીને પગલે સેકટર-૭ પોલીસ દોડતી થઈ ગઈ હતી. સેકટર-૭ પોલીસની ટીમ રાત્રીના સમયે મનુભાઈ પટેલના ઘરે પહોંચી ગઈ હતી. જો કે મનુભાઈ પટેલ દ્વારા સવારે જવાબ લખાવી જવાનું કહ્યું હોવાનું પોલીસનું કહેવું છે. સમગ્ર ઘટનામાં પોલીસ અરજીના આધારે મનુભાઈ પટેલ, ફરીયાદી ધર્મેશ છાયા, અને ચેમ્બરમાં ઉપસ્થિત અન્ય અધિકારી, કર્મચારી જેમાં ડીએમસી, જીલુભા ધાંધલ અને કનુભાઈ દરજીના સહિતના નિવેદન લેશે. જો કે આ મુદ્દે પોલીસ પર ઉચ્ચ લેવલનું દબાણ સતત વધી રહ્યું છે તેવુ સુત્રો દ્વારા જાણવા મળ્યું છે.

સે-૪એ અને ૪બીમાં ભર ચોમાસે પીવાના પાણીના પોકાર...!!

ગાંધીનગરના સેકટર-૪-એ અને ૪-બીમાં છેલા કેટલાક સમયથી પીવાનું પાણી નહિવત ફોર્સથી આવે છે જેને કારણે આ વિસ્તારના વસાહતીઓ માટે પીવાનું પાણી પણ પુરું ભરી શકાતું નથી અન પાણીની અછતના કારણે મુશ્કેલીભરી સમસ્યા સર્જાઈ રહી છે. આ સમસ્યાને પગલે રહીશોને હાલાકી ભોગવવી પડી રહી છે.

ગાંધીનગર મહાનગરપાલિકાના વોર્ડ નં. ૮માં સમાવિષ્ટ સેકટર-૪-એ અને ૪-બી ખાતે છેલ્લા કેટલાક દિવસથી પીવાના પાણીનો પોકાર પડી રહ્યો છે. રહીશો પાણીના અત્યંત ધીમા ફોર્સથી ત્રસ્ત થઈ ચુકયા છે અને ઘર પરીવાર માટે પીવા જરૂરી પાણી પણ ભરી શકાતું નથી. ભરચોમાસે પીવાના પાણીની સમસ્યાએ આ વિસ્તારના રહીશો માટે મુશ્કેલી ઉભી કરી છે અને આ સમસ્યા અંગે તંત્રમાં વારંવાર રજુઆતો કરવા છતાં તેનું નિરાકરણ આવતું નથી. છેવટે રહીશોએ સ્થાનિક મહિલા કોર્પોરેટર પાયલબેન મેણાત પાસે મદદની ધા નાંખતા પાયલબેને પાટનગર યોજના વિભાગ નં.ના નાયબ ઈજનેરને લેખિત રજુઆત કરી આ સમસ્યાને સત્વરે ઉકેલવા માંગ કરી છે. જો ચોમાસામાં સેકટરમાં આવી હાલત હોય તો આગામી સમયમાં આવનારા ગરમી-ઠંડીના દિવસોમાં શું હાલત થશે તેવી ચર્ચા સ્થાનિક મહિલાઓ કરી રહી છે.

રવિવારે સવારે જલુંદ ગામે 'હેપ્પી રકતદાન શિબિર'નું આયોજન

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગરની સેવાભાવી યુવાનોની સંસ્થા હેપ્પી યુથ કલબ દ્વારા જલુંદ ગામ સમસ્ત યુવા મિત્રોના સહયોગથી તા. ૨૬મી જુલાઈ રવિવારે સવારે ૯ થી ૧૨ દરમિયાન 'હેપ્પી રકતદાન શિબિર'નું આયોજન કરવામાં આવ્યું છે. આ રકતદાન શિબિરમાં ગાંધીનગરની સિવિલ હોસ્પિટલની બ્લડ બેંક દ્વારા રકત એકત્ર કરવાની સેવા પુરી પાડવામાં આવશે. આ રકતદાન શિબિર જલુંદ ગામે શ્રી વૈજનાથ મહાદેવના મંદિરે કોવિડ-૧૯ની ગાઈડલાઈન અનુસાર ફરજિયાત માસ્ક અને સોશિયલ ડિસ્ટન્સના પાલન સાથે યોજાશે તેમજ સ્થળ પર થર્મલ સ્કેનર અને સેનેટાઈઝરની સુવિધા ઉપલબ્ધ રહેશે.

કોરોના મહામારીના કારણે રકતદાન પ્રવૃત્તિમાં ઓટ આવવાથી બ્લડ બેંક ખાતે રકત પુરવઠામાં ખેંચ વર્તાઈ રહી છે. આ સ્થિતિમાં જેમને નિયમિત રકત ચઢાવવાની જરૂર છે તેવા કિડનીના રોગોના દર્દીઓ થેલેસેમિયા મેજર દર્દીઓ ઉપરાંત જેમને આકસ્મિક અકસ્માત કે ગંભીર સર્જરી કરવાની હોય તેવા કારણસર લોહી ચઢાવવાની જરૂર પડે તેવા દર્દીઓને અણીના સમયે જરુરી રકત પુરવઠો મળી રહે તે હેતુસર આ હેપ્પી રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ સાથે ગ્રામીણ વિસ્તારોમાં યુવાનો આ પ્રવૃત્તિમાં તેમનું યોગદાન આપતા થાય તેવો શુભ હેતુ પણ છે. 'હેપ્પી રકતદાન શિબિર'માં રકતદાન કરનાર તમામ રકતદાતાઓને પ્રમાણપત્ર, રકતદાતા કાર્ડ તેમજ શુભેચ્છા ભેટ આપી સન્માનિત કરવામાં આવશે. 'હેપ્પી રકતદાન શિબિર'માં જલુંદ ઉપરાંત આસપાસના ગામના અને ગાંધીનગરના રકતદાતાઓ ઉત્સાહપૂર્વક ભાગ લે તેવી હેપ્પી યુથ કલબ દ્વારા અપીલ કરવામાં આવી છે.

'હેપ્પી ફિટ યંગ' ચેલેન્જ સ્વીકારી ઓનલાઈન ફિટનેસ પુરવાર કરતાં હેપ્પી યુથ કલબના યુવા સ્વયંસેવકો

ગાંધીનગર, તા.૨૨

કોરોના વાઈરસ સામે લડવા માટે વ્યક્તિની રોગ

પ્રતિકારક શક્તિ સારી હોવી જરૂરી છે જે માટે પૌષ્ટિક આહાર અને યોગ્ય ઉપચાર સાથે શારીરિક ફિટનેસ પણ એટલી જ અગત્યની છે જે માટે કેન્દ્ર સરકારના આયુષ વિભાગની માર્ગદર્શિકામાં પણ યોગ-પ્રાણાયામ-વ્યાયામને મહત્વ આપવામાં આવ્યું છે. આ બાબતને અનુલક્ષીને ગાંધીનગરની સેવાભાવી યુવાનોની સંસ્થા હેપ્પી યુથ કલબ દ્વારા તાજેતરમાં સંસ્થાના સભ્યો માટે એક ઓનલાઈન ફિટનેસ ચેલેન્જ 'હેપ્પી ફિટ યંગ'નું આયોજન કરવામાં આવ્યું હતું જેને સંસ્થાના જે સભ્યોએ પૂરી કરી પોતાની ફિટનેસ સાબિત કરી દર્શાવી હતી તેમને ઈ-પ્રમાણપત્ર દ્વારા સન્માનવામાં આવ્યા હતા.

હેપ્પી યુથ કલબના યુવા સ્વયંસેવક સુકેતુ દવેએ સંસ્થાના સભ્યો માટે આ ફિટનેસ ચેલેન્જ પ્રસ્તુત કરી હતી જેને 'હેપ્પી ફિટ યંગ' નામ આપવામાં આવ્યું હતું. 'હેપ્પી ફિટ યંગ' ચેલેન્જ સ્વીકારનાર સ્વયંસેવકે પોતાના ઘરે જ રહીને પોતાનો એવો વિડીયો નિશ્ચિત સમયમર્યાદામાં મોકલવાનો હતો જેમાં તેમણે પોતાના કોઈ પણ એક પગ પર જ ઊભા રહી નીચે જમીન પર મુકેલ અખબાર તરફ ઝુકીને પોતાના દાંતથી અખબારને ઊંચકવાનું હતું. આ દરમ્યાન તેમનો અન્ય પગ કે હાથ જમીનને આડકવો જોઈએ નહીં તેમજ આ ચેલેન્જ સ્વીકારનારે પહેલા ઊભા રહી પોતાનો એક પગ ઊંચો કરી લીધા પછી જ નીચે ઝુકવાનું હતું. આ ચેલેન્જને સુકેતુ દવે ઉપરાંત, અલ્કેશ ભાનુપ્રિય, કિરીટ પારઘી, ભાવના રામી, તબસ્સુમ મલેક, પ્રિયંકા સથવારા, હાર્દિક રાઠોડ અને વિશાખા રાજપૂતે સફળ રીતે પૂરી કરી તેમના વિડીયો મોકલ્યા હતા. હેપ્પી યુથ કલબ દ્વારા આ તમામ સભ્યોને 'હેપ્પી ફિટ યંગ'ના ઈ-પ્રમાણપત્રથી નવાજવામાં આવ્યા છે.

નગરના કોર્પોરેટર નીલાબેન શુકલ દ્વારા સે-૨૩ ખાતે ૧૦૫ જેટલા વૃક્ષોનું વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. તથા નગરમાં વધુમાં વધુ વૃક્ષારોપણ કરવામાં આવે તેવી અપીલ કરવામાં આવી હતી. જયાં ગાંધીનગર મહાનગરપાલિકાના કોર્પોરેટર નીલાબેન શુકલની ગ્રાન્ટમાંથી વૃક્ષારોપણની જાળવણી માટે તારની વાડ કરાવી આપવામાં આવી છે અને શ્રી સહજાનંદ સેવા સ્વામી ટ્રસ્ટ દ્વારા વૃક્ષારોપણ કરવાની અને ઉછેર કરવા તેમજ જાળવણીની જવાબદારી લેવામાં આવી છે.

લાયન્સ, લાયોનેસ અને લીયો કલબ ગાંધીનગર દ્વારા સે-૨૯ પ્રાથમિક શાળા ખાતે વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ૫૦૦ જેટલા વૃક્ષો વાવવામાં આવ્યા હતા. આ ઉપરાંત સે-૧ તળાવ, સે-૨૮ પ્રાથમિક શાળા, સરિતા ઉદ્યાન દરેક જગ્યાએ અંદાજીત ૫૦૦૦ વૃક્ષો રોપવામાં આવ્યા હતા. આ પ્રસંગે ત્રણેય કલબના પ્રમુખ, હોદ્દેદારો તથા સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

ધો-૧૦ સીબીએસઈ બોર્ડમાં યશવી સિંઘવનો યશસ્વી દેખાવ

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગરની સ્વામિનારાયણ પબ્લિક સ્કૂલમાં ધોરણ-૧૦ માં અભ્યાસ કરતી યશવી રાકેશભાઈ સિંઘવે સીબીએસઈ બોર્ડની પરીક્ષામાં ૯૦.૬ ટકા પરિણામ પ્રાપ્ત કર્યુ છે. તેણે ૬ વિષયમાંથી ૩ માં એ-૧ ગ્રેડ પ્રાપ્ત કર્યો છે. યશવી સિંઘવના ઉત્કૃષ્ઠ પરિણામને પગલે તેના પરિવારજનો, સ્નેહીજનો તથા શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

સ્વસ્તિક સોસાયટી સે-૨૭ પાસે વૃક્ષારોપણ કરવામાં આવ્યું

સેકટર અને શહેરને વધારે હરિયાળુ કરવાના પ્રયત્નરૂપે આઈ.જી. ઓફિસ પાસેના વરંડાના ભાગમાં સે-૨૭ સ્થિત સ્વસ્તિક સોસાયટીના સામેના ભાગે રવિવારના રોજ વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વોર્ડ નં.૧ના કોર્પોરેટર બરખાબેન ઝા, પ્રમુખ ઉમેશભાઈ ઝા, સ્વસ્તિક સોસાયટીના પ્રમુખ રામનિવાસ શર્મા તથા અન્ય હોદ્દેદારો તથા સભ્યો હાજર રહ્યા હતા. ૯૦ વર્ષના મફતલાલ વ્યાસ સાથે કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વે દ્વારા યોગ્ય અંતર જાળવી વૃક્ષોનું વાવેતર કરી સારી રીતે ઉછેરવાનો સંકલ્પ કરવામાં આવ્યો હતો. વૃક્ષારોપણ માટે ટ્રી ગાર્ડ બરખાબેન ઝા દ્વારા આપવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન રાજુભાઈ રાજગોર દ્વારા કરવામાં આવ્યું હતું.

કોરોનાથી રોજી રોટી ઉપર કાપ

નગરના રમણભાઈ વાહનવ્યવહારના ડબલ ભાડા ભરવા કરતા એક દિવસ દુકાને જઈ બીજા દિવસે પોતાના પુત્રને મોકલે છે

ગાંધીનગર, તા. ૨૧

કોરોનાની મહામારીએ ભલભલાને હેરાન પરેશાન કરી નાંખ્યા છે. ત્યારે નગરના નીચલા તથા મધ્યમવર્ગના નાગરીકોને ઘણીખરી મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે અને લોકડાઉનના સમય દરમિયાન નગરના સે. ૭ ના રહેવાસીની કહાણી પણ કાંઈક આવી જ છે. ૬૧ વર્ષીય રમણભાઈ મોદી જેમનો અમદાવાદમાં ઈન્કમટેક્ષ વિસ્તારમાં પાનનો ગલ્લો છે. તેમના પુત્ર સાથે તેઓ ત્યાં દરરોજ ધંધા અર્થે જતા હતા પરંતુ લોકડાઉન વખતે ૩ મહિના ઘરે જ રહેવુ પડ્યુ અને કોઈ કમાણી થઈ નહી અને અનલોક બાદ

વાહન વ્યવહારની વ્યવસ્થા પણ રેગ્યુલર ન હોવાથી તેમને અમદાવાદ જવામાં મુશ્કેલી પડતી હતી. સરકારી વાહન હતા નહી અને પ્રાઈવેટ વાહનમાં ડબલ ભાડા ભરી જવુ તેમને પોસાય તેમ ન હતુ. જેને કારણે એક દિવસ રમણભાઈ અને બીજે દિવસે તેમનો પુત્ર અમીત અમદાવાદ દુકાનમાં ધંધા અર્થે જાય છે. રમણભાઈ વધુ વાત કરતા જણાવે છે કે માર્ચ મહિનાથી ઘરે હતા અને ગયા મહિનેથી અમદાવાદ જવાનુ શરૂ થયુ છે. પરંતુ રોજનુ ભાડુ એટલુ બધુ થાય છે કે હુ ને મારો છોકરો બન્ને એક સાથે પહેલાની જેમ દુકાને જઈ શકતા નથી.

આમેય અમુક ઓફીસો બંધ હોવાથી ઘરાકી પણ ઓછી થાય છે અને ઉપરથી ડબલ ડાભાનો ખર્ચ કરીએ તો દૂધ-શાકભાજીના પૈસા પણ ન નીકળે. એક દિવસ હુ અને અને એક દિવસ મારો દિકરો અમીત દુકાને જાય છે. અને વળતા સાત કે આઠ વાગ્યે પ્રાઈવેટ વાહન મળે એ પણ ઘ-૨ ઉતારે એટલે ત્યાંથી ઘર સુધી ચાલતા આવી જઈએ છીએ. સરકારે આજ સુધી કોઈ મદદ કરી નથી. માતાજી રાખે છે તેમ રહીએ છીએ અને માતાજીની દયાથી આગળ પણ બધુ ચાલશે.

આમ કોરોનાએ આવા કેટલાય ઘર પરિવારોની રોજી રોટી ઉપર જાણે કે એક મહોર લગાવી દીધી હોય તેમ લાગી રહ્યું છે.

ચિરવિદાય

- સ્વ. મનોજકુમાર સેંધાભાઈ પંડયા, ઉ.વ. ૫૫, સે-૧૪, ગાંધીનગર
- સ્વ. રાજેશકુમાર રમણલાલ શર્મા, ઉ.વ. ૫૦, મુ. પ્રાંતિજ, સાબરકાંઠા
- સ્વ. હરિસિંહ ચેતનસિંહ જાદવ, ઉ.વ. ૪૭, મુ. પેથાપુર, જી. ગાંધીનગર
- સ્વ. ઠાકોર લશીબેન પધાજી, ઉ.વ. ૬૫, ગામ સોલૈયા, તા. માણસા
- સ્વ. કનુભાઈ વિઠ્ઠલભાઈ વસાવા, ઉ.વ. ૫૧, ફતેપુરા, સે-૧૫, ગાંધીનગર
- સ્વ. પાર્થીવ દિનેશચંદ્ર વ્યાસ, ઉ.વ. ૪૭, સેટેલાઈટ, અમદાવાદ
- સ્વ. ભરતભાઈ પોપટલાલ સોની, ઉ.વ. ૫૫, પંચવટી, મુ. કલોલ